eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 270
May 06, 2011

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૩૦/૦૪/૨૦૧૧ ના રોજ વરાછાઝોન, ઉધનાઝોન તથા અઠવાઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ"ની ઉજવણીને અનુલક્ષીને તા. ૩૦/૦૪/૨૦૧૧, શનિવારના રોજ વરાછા ઝોન વિસ્તારમાં (૧) વરાછા સર્કલ, ટી. પી. સ્કીમ નં. ૩(કરંજ), ફા. પ્લોટ નં. ૧૦૨, રામરાજય સોસાયટી પાસે, લંબેહનુમાન રોડ, કરંજ ખાતે શાંતિકુંજની લોકાર્પણવિધિ (૨) જુના સરથાણા જકાતનાકા પાછળ, પરમસુખ ગુરૂકુળ પાસે, ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ"ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૩૦/૦૪/૨૦૧૧ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમો

સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૩૦/૦૪/૨૦૧૧, શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે તમામ ઝોનમાંથી મશાલરેલી નીકળી અંદાજિત ૨૦૦૦ જેટલા નગરજનો સાથેની મશાલરેલી સાંજે ૭.૪૫ કલાકે કિલ્લાના મેદાનમાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૦૧/૦૫/૨૦૧૧ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમો



સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૩૦/૦૪/૨૦૧૧ અને તા. ૧/૫/૨૦૧૧ ના રોજ સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહયું છે. તા. ૧/૫/૨૦૧૧ ના રોજ સુરત મહાનગરપાલિકાના દરેક ઝોનમાંથી પ્રભાતફેરી નીકળી નકકી કરેલ સ્થળે એકત્રિત થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" અંતર્ગત તા. ૦૧/૦૫/૨૦૧૧ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમો

"સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" અંતર્ગત સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જે અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય સ્થાપના દિન અને "સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" ઉજવણી પ્રસંગે તા. ૦૧/૦૫/૨૦૧૧ ના રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા સુરત ખાતે "સરદાર" નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૩૦/૦૪/૨૦૧૧ ના રોજ વરાછાઝોન, ઉધનાઝોન તથા અઠવાઝોનમાં યોજાયેલ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ''ની ઉજવણીને અનુલક્ષીને તા. ૩૦/૦૪/૨૦૧૧, શનિવારના રોજ વરાછા ઝોન વિસ્તારમાં (૧) વરાછા સર્કલ, ટી. પી. સ્કીમ નં. ૩(કરંજ), ફા. પ્લોટ નં. ૧૦૨, રામરાજય સોસાયટી પાસે, લંબેહનુમાન રોડ, કરંજ ખાતે શાંતિકુંજની લોકાર્પણવિધિ (૨) જુના સરથાણા જકાતનાકા પાછળ, પરમસુખ ગુરૂકુળ પાસે, વરાછા રોડ ખાતે ખાડી બ્રિજની લોકાર્પણવિધિ, ઉધના ઝોન વિસ્તારમાં (૩) ખટોદરા જી.આઈ.ડી.સી., સબજેલની પાછળ, રીંગ રોડ ખાતે ૧૮.૩૨ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ પમ્પીંગ સ્ટેશનની લોકાર્પણવિધિ તથા અઠવા ઝોન વિસ્તારમાં (૪) પાણીની ટાંકી સામે, ગ્રામ પંચાયત ઓફિસની બાજુમાં, ભરથાણા વેસુ ગામ ખાતે પાણી પુરવઠા યોજનાની લોકાર્પણવિધિ (૫) કોમ્યુનીટી હોલની બાજુમાં, ભીમરાડ ગામ ખાતે પાણી પુરવઠા યોજનાની લોકાર્પણવિધિ અને (૬) સંતોષીમાતાના મંદિરની બાજુમાં, સરસાણા ગામ ખાતે પાણી પુરવઠા યોજનાની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈના વરદ્હસ્તે સંપન્ન થઈ.



વરાછા ઝોનમાં શાંતિકુજ બાગ ૨૦ વ્યકિતઓ બેસી શકે એવી સુવિધાવાળા બાગનું ક્ષેત્રફળ ૫૧૨.૫૭ ચો.મી. છે. જેમાં ૧૬૦.૦૦ ચો.મી. આર.સી.સી. કર્બ સ્ટોન અને પેવર બ્લોકના વોક–વે નું આયોજન કરવામાં આવેલ છે. લોનનું ક્ષેત્રફળ ૨૦૫.૦૦ ચો.મી. તથા ફલાવરબેડનું ક્ષેત્રફળ ૧૧૬.૦૦ ચો.મી. છે. જેનો કુલ ખર્ચ રૂા.૧૦ લાખ થયેલ છે. આ બાગ બનવાથી આ વિસ્તારના વરિષ્ઠ નાગરિકોને તેની સુવિધાનો લાભ મળશે.



વરાછા વિસ્તારની ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે કરવામાં આવેલ આયોજન પૈકી વરાછા વિસ્તારમાં ખાડીઓના સામે કાંઠે આવેલ પુણા–સીમાડા ગામોના વિસ્તારને મુખ્ય રસ્તા સાથે સાંકળવા માટે ખાડીઓ પર બ્રિજ બનાવવાના તબકકાવાર આયોજન પૈકી હાલમાં પરમસુખ ગુરૂકુળ તથા શ્રધ્ધા સોસાયટીને જોડતા હયાત પુલના સ્થાને નવો પુલ રૂા.૨૪૬ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. સદર પુલની લંબાઈ ૮૨.૩૦ મી.(એપ્રોચ સહિત),એપ્રોચની લંબાઈ પરમસુખ ગુરૂકુળ તરફ ૩૪.૦૦ મી., શ્રધ્ધા સોસાયટી તરફ ૧૬.૦૦ મી.,પુલની પહોળાઈ ૧૫.૦૦ મી.(ફુટપાથ સાથે) તથા ફુટપાથ ૧.૫૦ મીટર બંને તરફ રાખવામાં આવેલ છે. હયાત પાણીની પાઈપલાઈનને સ્થળાંતર કરવા માટે સ્ટીલ બ્રીજ પણ બનાવવામાં આવેલ છે.

Continue …

ઉધના ઝોનમાં જુની જી.આઈ.ડી.સી.,ખટોદરા,સબજેલની પાછળ, રીંગ રોડ ખાતે ૧૮.૩૨ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ પમ્પીંગ સ્ટેશન રૂા.૬૧૧.૮૭ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. મજુરા–ખટોદરા,ખટોદરા જુની જી.આઈ.ડી.સી.,બેઠી કોલોની, ખરવરનગર, શાસ્ત્રીનગર, ગાંધીનગર, ખટોદરા હાઉસીંગ બોર્ડ વિગેરે વિસ્તારની ૬૫,૦૦૦ વસ્તીને તેનો લાભ મળશે.



અઠવા ઝોનમાં ભરથાણા–વેસુ ગામતળની પાણી પુરવઠા યોજના રૂા.૪૨.૦૭ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. તથા ગામને રોજીંદો ૧૦ લાખ લીટર પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. જેનો લાભ ગામની અંદાજે ૫૪૦૯ વસ્તીને મળશે. ભીમરાડ ગામની પાણી પુરવઠા યોજના રૂા.૪૨.૩૧ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. તથા ગામને રોજીંદો ૪.૪૦ લાખ લીટર પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. જેનો લાભ ગામની અંદાજે ૨૪૧૭ વસ્તીને મળશે. સરસાણા ગામની પાણી પુરવઠા યોજના રૂા.૪૩.૭૪ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. તથા ગામને રોજીંદો ૧.૮૦ લાખ લીટર પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. જેનો લાભ ગામની અંદાજે ૯૬૯ વસ્તીને મળશે. આ પ્રસંગે ગામવાસીઓએ ઉપસ્થિત સૌ મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કર્યુ હતું. તથા ગામવાસીઓએ જણાવ્યું હતું કે એક જ વર્ષના ખુબ જ ટુંકા ગાળામાં મહાનગરપાલિકા ધ્વારા ગામને ગુણવત્તાયુકત પાણી પુરવઠો પુરો પાડેલ હોય જે ખુબ સરાહનીય છે. તેમજ ગામડાના વિકાસમાં સહયોગ આપ્યો છે તે અભિનંદનીય છે. અને ગામવાસીઓએ પાણીનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા.સાંસદ શ્રી સી.આર.પાટીલ, રાજય સભાના મા.સાંસદશ્રી પ્રવિણભાઈ નાયક, મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ,મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ,મા.કલેકટરશ્રી અને મ્યુ.કમિશ્નરશ્રી એ.જે.શાહ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ"ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૩૦/૦૪/૨૦૧૧ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમો



સુરત મહાનગરપાલિકા ધ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૩૦/૦૪/૨૦૧૧, શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે તમામ ઝોનમાંથી મશાલરેલી નીકળી અંદાજિત ૨૦૦૦ જેટલા નગરજનો સાથેની મશાલરેલી સાંજે ૭.૪૫ કલાકે કિલ્લાના મેદાનમાં આવી હતી.

મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ સ્વર્ણિમ ગુજરાતના સમાપન અંતર્ગત જણાવ્યું કે ગુજરાતના નાનામાં નાના ગ્રામજનો, સાગરખેડુઓએ આ અવસરને પોતીકો ગણીને ઉજવ્યો છે. મા.મુખ્યમંત્રીશ્રીએ સુરત શહેરની લાગણી બાબત ઉદારતા દાખવી નગરજનોના સાથ સહકાર ધ્વારા આ કાર્યક્રમ સાર્થક બનાવ્યો છે. પ્રજાજનો, પ્રજાના પ્રતિનિધિઓ વિગેરેના સાથ સહકારથી સુરતને ત્રિવેણી સંગમ બનાવવાના સંકલ્પ સાથે શહેરજનોને સહયોગ આપવા હાકલ કરી હતી.

આજના કાર્યક્રમમાં મા.કલેકટર અને મ્યુ. કમિશનરશ્રી એ.જે.શાહ સાહેબે ઉપસ્થિત મહાનુભાવો અને જાહેર જનતાને આવકારતાં જણાવ્યું હતું કે ૧ લી મે ૨૦૧૦ થી શરૂ થયેલા વર્ષને સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનો રાજય સરકારશ્રી ધ્વારા નિર્ણય લેવાયેલ હોય, સમગ્ર ગુજરાતમાં પ્રજાલક્ષી વિવિધ સેવાઓ, સુવિધાઓ, કલાઓને આનુસાંગિક કાર્યક્રમોનું સમગ્ર વર્ષ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ સ્વર્ણિમ રથયાત્રા, ગરીબ કલ્યાણમેળો, સમયદાન, શહેરના નાગરિકો તથા સંસ્થાઓ પાસે દાનમાં પુસ્તકો સ્વીકારી તેનું નજીકના ગામડાંઓમાં વિતરણ, વિવિધ ફ્રી મેડીકલ ચેક–અપ કેમ્પો, શહેરના જુદા જુદા વિસ્તારોમાં શેરી–મહોલ્લા, શાકમાર્કેટો, કોમર્શીયલ બિલ્ડીંગો વગેરેની સફાઈ અભિયાન , શાળા તથા કોલેજોના વિદ્યાર્થીઓમાં પ્રસ્થાપિત ટ્રાફિક નિયમોની જાણકારી તથા અમલીકરણના અભિયાન માટેના કાર્યક્રમો, ગ્લોબલ વોર્મીંગ અને ગ્રીન સીટીના અમલીકરણ, કાઈટ ફેસ્ટીવલ, સ્વર્ણિમ ખેલ મહાકુંભ, સાયકલ રેલી, સ્વર્ણિમ સીટી રન, સુરોત્સવ–૨૦૧૧, "સસ્ટેનેબલ સીટીઝ–પ્રમોટીંગ બેટર લાઈફ" વિષય ઉપર નેશનલ લેવલની કોન્ફરન્સ, મ્યુ.સભ્યશ્રીઓને તેઓની ફરજો/જવાબદારીઓ અને સત્તાઓ બાબતેનો બે દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમ, અંદાજીત રૂા. ૩૦૦ કરોડના વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત/લોકાર્પણવિધિઓ, શહેરમાં આવેલી સરકારી અને ખાનગી ઈમારતોને લોકભાગીદારીથી રોશની, સ્વાતંત્ર્ય સેનાની અને વરીષ્ઠ નાગરિકો તથા વિવિધ ક્ષેત્રે આગવું પ્રદાન આપનાર વ્યકિતઓના સન્માન સમારોહ, સ્વર્ણિમ ગુજરાત અને દેશભકિત પર આધારિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્વતંત્રતાના ઈતિહાસ અને ભારતના વિકાસ ઉપર આધારિત ગુજરાતી પ્રાચીન નાટકોને નવું સ્વરૂપ આપી ગુજરાતની આગવી નાટય સંસ્થાઓ ધ્વારા તૈયાર થયેલ નાટકો, ગીતગુંજન, લોક ડાયરો, કવિસંમેલન જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના નગરજનોએ ઉત્સાહથી સહભાગી થઈ સ્વર્ણિમ વર્ષની ઉજવણીને માણી આ મહોત્સવને સાર્થક બનાવ્યો છે.

**Continue …**





મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગે તેમના પ્રવચનમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત સ્વર્ણિમ ગુજરાત સમાપન અંતર્ગત છેલ્લા કાર્યક્રમમાં સુરત શહેર એક આદરણીય શહેર બને અને પવિત્ર તાપી નદીના કિનારે આ સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમોનું સુરત શહેરમાં આયોજન કરવામાં આવ્યું છે. તે બદલ જાહેર જનતાનો આભાર માન્યો હતો.



મંચસ્થ મહાનુભાવો ધ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓનું શાલ ઓઢાડીને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. સ્વર્ણિમ ખેલ મહાકુંભની વિવિધ રમતોમાં રાજયકક્ષાએ વિજેતાઓને શીલ્ડ અર્પણ કરીને તેઓનું સન્માન કરવામાં આવ્યું.

ઈનામ વિતરણ બાદ તેની વિવિધ શાળા/સંસ્થાઓની કન્યાઓએ સ્વર્ણિમ ગુજરાત પર આધારિત ઉત્કૃષ્ટ કૃતિઓ રજુ કરી ઉપસ્થિત ૩૫૦૦ જેટલી જનમેદનીના મન મોહી લીધા હતા.

મા.ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવાએ તેમના પ્રવચનમાં આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિવિધ રમતવીરો, સીનીયર સીટીઝન,સ્વાતંત્ર્ય સેનાનીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકાર ભાઈ–બહેનો, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયા, કર્મચારીઓ, જાહેરજનતાનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓનો આભાર માન્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૦૧/૦૫/૨૦૧૧ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમો

સુરત મહાનગરપાલિકા દ્વારા "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણી સમાપન અંતર્ગત તા. ૩૦/૦૪/૨૦૧૧ અને તા. ૧/૫/૨૦૧૧ ના રોજ સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહયું છે. તા. ૧/૫/૨૦૧૧ ના રોજ સુરત મહાનગરપાલિકાના દરેક ઝોનમાંથી પ્રભાતફેરી નીકળી નકકી કરેલ સ્થળે એકત્રિત થઈ હતી.



ઉધના ઝોનમાં સોસીયો સર્કલ થી અણુવ્રત દ્વારથી પરત સોસીયો સર્કલ સુધી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.સાસંદશ્રી સી.આર.પાટીલ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.કલેકટરશ્રી અને મ્યુ.કમિશ્નરશ્રી એ.જે.શાહ, મા.શાસકપક્ષના નેતા દયાશંકર સિંગ, વિવિધ સમિતિના ચેરમેન, વોર્ડ સદસ્યશ્રીઓએ ૫૦૦ જેટલા સાયકલીસ્ટોને ફલેગ ઓફ આપી રેલીની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ સાયકલ રેલી સોસીયો સર્કલ ખાતે પરત આવી હતી. જયાં મા.કલેકટરશ્રી અને મ્યુ.કમિશ્નરશ્રી એ.જે.શાહ, ડ્રેનેજ કમિટિના ચેરમેનશ્રી સોમનાથ મરાઠેએ મ્યુ. સદસ્યશ્રીઓની ઉપસ્થિતીમાં સાયકલીસ્ટો અને જનમેદનીને સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા.






અઠવા ઝોનમાં સાયન્સ સેન્ટર ખાતે રાજયસભાના મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા.સાંસદશ્રી પ્રવિણભાઈ નાયકએ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા ઉપસ્થિત જનમેદનીને મા.મેયરશ્રીએ સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા.

રાંદેર ઝોનમાં જયોતિન્દ્ર દવે ગાર્ડન ખાતે પ્રભાતફેરીના સમાપન સ્થળે મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.સ્થાયી સમિતિ ચેરમેન શ્રી મુકેશભાઈ દલાલ, વિવિધ સમિતિના ચેરમેન, વોર્ડ સદસ્યશ્રીઓ તથા ઉપસ્થિત જનમેદનીને મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા તથા મા.સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલે સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા. પ્રભાત ફેરીના સમાપન સ્થળે સામુહિક સંકલ્પ લેવડાવ્યા બાદ સ્વર્ણિમ ખેલ મહાકુંભમાં રાજયકક્ષાએ સ્વીમીંગની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવેલ ૪૬ જેટલા તરણવીરોને મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.અધ્યશ્રી, સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલના વરદહસ્તે ટ્રોફી આપી સન્માનીત કર્યા હતા.

**Continue …**

કતારગામ ઝોનમાં સહજાનંદ સોસાયટી સામે, કતારગામ ખાતે પ્રભાતફેરીના સમાપન સ્થળે મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓ તથા ઉપસ્થિત જનમેદનીને સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા.

સેન્ટ્રલ ઝોનમાં કિલ્લાના મેદાન, ચોકબજાર ખાતે પ્રભાતફેરીના સમાપન સ્થળે સદસ્યશ્રીઓ તથા ઉપસ્થિત જનમેદનીને મા. આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતિ વર્ષાબેન રાણા, મા.સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેનશ્રી જયંતિભાઈ તાણીયાએ સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા.

વરાછા ઝોનમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ધરતીનગર ખાતે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓ તથા ઉપસ્થિત જનમેદનીને મા.ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવાએ સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા.

લિંબાયત ઝોનમાં રતનચોક, સાંઈ બાબાના મંદિર, નીલગીરી સર્કલ પાસે, ઉધના યાર્ડ ખાતે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓ તથા ઉપસ્થિત જનમેદનીને મા.શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગએ સામુહિક સંકલ્પ લેવડાવ્યા હતા.

દરેક ઝોનમાં આવેલ પ્રતિમાઓને પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓના વરદહસ્તે સુતરની આંટી અર્પણ કરવામાં આવી હતી. દરેક ઝોનમાંથી નીકળેલ પ્રભાતફેરીમાં મા.સાંસદશ્રીઓ, મા.ધારાસભ્યશ્રીઓ, મા.પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, વોર્ડ સદસ્યશ્રીઓ તથા જાહેર જનતાએ ઉત્સાહભેર જોડાઈ સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહની ઉજવણીમાં ભાગીદાર બન્યા હતા.






બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વર્ણિમ જયંતિ સમાપન ઉજવણી નિમિત્તે "સરદાર" નાટક રજુ થયું હતું. સાંજે ૬.૩૦ કલાકથી રાજયકક્ષાના મેગાઈવેન્ટ કાર્યક્રમનું જીવતપ્રસારણ કિલ્લાના મેદાન પાસે, ચોકબજાર ખાતે, તથા ડો.શ્યામપ્રસાદજી લેક ગાર્ડન પાસે આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, કાંસાનગર, કતારગામ ખાતે તથા રાત્રે ૯.૦૦ કલાકે ડકકા ઓવારા નદી કિનારે, ગાંધી બાગ પાસે, ચોકબજાર ખાતે આતશબાજીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

TOP

## "સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" અંતર્ગત તા. ૦૧/૦૫/૨૦૧૧ ના રોજ યોજાયેલ વિવિધ કાર્યક્રમો

"સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" અંતર્ગત સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જે અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય સ્થાપના દિન અને "સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" ઉજવણી પ્રસંગે તા. ૦૧/૦૫/૨૦૧૧ ના રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા સુરત ખાતે "સરદાર" નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, મા.ડે.મેયરશ્રીમતી છાયાબેન ભુવા, ડે.કમિશનર(પ.અને ઈ.)શ્રી સી.જે.ગામીત, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ અને નાટકના નિર્માતા શ્રી હેમંત પીઠડીયાએ દીપપ્રગટાવી આ "સરદાર" નાટકનો શુભારંભ કરાવ્યો હતો.





આજે પણ લોકો જેમને લોખંડી પુરૂષ તરીકે યાદ કરે છે, અને જેમની દુરંદેશીને સલામ કરે છે એવું વિરાટ વ્યકિતત્વ એટલે સરદાર વલ્લભભાઈ પટેલ. ઐતિહાસિક પાત્રોના નિરૂપણમાં આગવી હથોટી ધરાવતા લેખક–દિગ્દર્શક મિહિર ભૂતાએ રાજ પાટિલના ઝીણવટ ભર્યા સંશોધનના સથવારે અનેક પ્રસંગો દ્વારા જેના જન્મ સાથે, ભારત દેશના નવજન્મની પ્રક્રિયાનો આરંભ થયો એ મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલની બહુમુખી પ્રતિભાને તખ્તા પર લઈ આવતું આ સચોટ નાટક "સરદાર"ને સુરત શહેરની નાટ્ય કલાપ્રેમી નગરજનોએ મન ભરીને માણ્યું હતું.

આ ઉપરાંત તા.૧ લી મે ૨૦૧૧ના રોજ સાંજે સ્વર્ણિમ ગુજરાત તથા રાજયના વિકાસ પર આધારિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ સાથે રાજય સરકારશ્રીના સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે રજુ થયેલ "સ્વર્ણિમ જયંતી સમાપન સમારોહ"ના મેગા ઈવેન્ટનું લાઈવ ટેલીકાસ્ટ કિલ્લાના મેદાન, ચોક તથા ડો.શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની પાસે આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ, કતારગામ ખાતે કરવામાં આવ્યું હતું. જેને ૩,૦૦૦થી વધુ નગરજનોએ નિહાળ્યો હતો. તેમજ ડકકા ઓવારા, નદી કિનારા, ચોક ખાતે "આતશબાજી" કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનો પણ મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો.

"સ્વર્ણિમ જયંતિ સમાપન સમારોહ" અંતર્ગત યોજાયેલ તમામ કાર્યક્રમોમાં મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયા, માહિતી ખાતું, સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વરીષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ તથા તમામ નગરજનોએ સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**